**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૧૦ એપ્રિલ ૨૦૧૧**

## ચર્ચગેટ - દહાણુ રેલ્વે શરૂ થવામાં હજૂ પણ અનિશ્ચિતતા
## રેલ્વે મહાવ્યવસ્થાપકની કબૂલાત

**મુંબઈ, રવિવાર :** વિરાર - દહાણુ રોડ રેલ્વે માર્ગ પહોળો કરવાનું કામ મુંબઈ રેલ્વે વિકાસ પ્રાધિકરણે (એમઆરવ્હીસી) પૂર્ણ કર્યું હોઈ ચર્ચગેટ - દહાણુ રોડ લોકલ સેવા નવી ઈમયુ બોગીઓ ઉપલબ્ધ થયા બાદ શરૂ કરવામાં આવશે. આ સેવા શરૂ કરવા માટે પશ્ચિમ રેલ્વે પ્રાથમિકતા આપી કામ કરશે. પરંતુ છતાંયે તે સેવા કયારે શરૂ થશે તેની નિશ્ચિત કાલાવધી આજની તારીખે કહી શકાય તેમ નથી. આ મુજબની માહિતી પશ્ચિમ રેલ્વે ના પ્રભારી મહાવ્યવસ્થાપક શ્રી કુલભૂષણે શુક્રવારે માજી રેલ્વે રાજય પ્રધાન (સ્વતંત્ર પ્રભાર) શ્રી રામ નાઈકને આપી હતી. ૨૨૬ કરોડ રૂપિયા નું વિરાર - કારશેડનું કામ જૂન ૨૦૧૧ માં પૂર્ણ થશે તેમ પણ તેમણે ત્યારે કહ્યું હતું.

શ્રી રામ નાઈકના નેતૃત્વતળે ગયેલ શીષ્ટમંડળમાં થાણા જીલ્હા ના પશ્ચિમ પટ્ટાનાં ધારાસભ્યોદ્વય શ્રી ચિંતામણ વનગા અને શ્રી વિષ્ણુ સાવરા, નગરસેવક શ્રી રાજન નાઈક (નાલાસોપારા), સર્વશ્રી કેદારનાથ મ્હાત્રે (નાયગાંવ), શેખર ધૂરી (વસઈ રોડ), હંસરાજ પાટીલ (ભાયંદર), મીઠાલાલ જૈન (પાલઘર) અને દહાણુના ભાઉરાવ દેશમુખ અને મનમોહન સચદેવ નો સમાવેશ હતો. ચર્ચા ની વખતે પશ્ચિમ રેલ્વે અને મધ્ય રેલ્વેનાં વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત હતા.

ચર્ચા બાબતે વધુ માહિતી આપતાં શ્રી રામ નાઇકે કહ્યું કે, " વાજપેયી સરકારની વેળાં મુંબઈ નાગરી વાહતુક પ્રકલ્પ - એક જયારે મંજૂર કર્યો ત્યારે સંપૂર્ણ પ્રકલ્પનો અંદાજીત ખર્ચ રૂ. ૩,૧૨૫ કરોડ હતો અને તે ૨૦૦૭ માં પૂર્ણ થનાર હતો. પરંતુ ડૉ.મનમોહન સિંહ ના કાળમાં શરૂઆતમાં શ્રી લાલૂપ્રસાદ યાદવ અને પછી કુ.મમતા બૅનર્જી એ મુંબઈ પ્રત્યે દુર્લક્ષ સેવતા હવે તેનો સુધારિત ખર્ચ રૂ. ૪,૫૦૧ કરોડ પર પહોંચ્યો છે છતાંયે તેમાંના અમુક મહત્વપૂર્ણ કામો પૂર્ણ થવાના બાકી છે. આમાં વિરાર કારશેડ અને યાર્ડ નો શરૂઆત નો ખર્ચ હતો રૂ. ૭૩ કરોડ, તે હવે વધીને રૂ. ૨૨૬ કરોડ થયો હોઈ આ કામ જૂન ૨૦૧૧ માં પૂર્ણ થશે જયારેકે વિરાર - દહાણુ રોડ માર્ગ પહોળો કરવાનું શરૂઆત નો ખર્ચ હતો રૂ. ૨૯ કરોડ જે હવે વધીને રૂ. ૫૦ કરોડ થયેલ છે. પ્રકલ્પ નો વધતો ખર્ચ અને તે પૂર્ણ કરવામાં થઈ રહેલો વિલંબ ધ્યાનમાં રાખી ઉપનગરી મુસાફરોની ધીરજ હવે ખૂટી રહી હોવાથી ચર્ચગેટ - દહાણુ લોકલ સેવા શરૂ કરવામાં વધૂ વિલંબ થયો તો ઉગ્ર આંદોલન ગમે ત્યારે શરૂ થઈ શકે તેની જાણકારી શિષ્ટમંડળે રેલ્વે વ્યવસ્થાપનને આપી હતી".

જોગેશ્વરી અને ગોરેગામ ની વચ્ચે થનાર ઓશિવરા સ્ટેશન બાબતે પણ ચર્ચા થઈ. શરૂઆતમાં રૂ. ૬ કરોડ ના ખર્ચે થનારા આ સ્ટેશનનો સૂધારિત ખર્ચ પાંચગણા કરતાયે વધૂ અર્થાત શ્ર. ૩૨ કરોડ થયેલ છે. તેમજ કામ પૂર્ણ કરવાનું નિર્ધારિત લક્ષ્ય માર્ચ ૨૦૦૮ હતું તે કયારે પૂર્ણ થશે તે કહેવાની સ્થિતીમાં રેલ્વે પ્રશાસન નથી. આ પરિસ્થિતી બાબતે શિષ્ટમંડળે તીવ્ર નારાજગી વ્યકત કર્યા બાદ આ પ્રકલ્પ નો ફરીથી હિસાબ કિતાબ લઈ ચર્ચા કરવાનું આશ્વાસન રેલ્વે મહાવ્યવાસ્થપકે આપેલ છે.

૨૦૧૧ - ૨૦૧૨ ના બજેટમાં પશ્ચિમ અને મધ્ય રેલ્વેના ઉપનગરીય ક્ષેત્રમાં જે પ્રકલ્પો બતાવવામાં આવ્યા છે તે માટે કેટલી રકમ મંજુર થયેલ છે તેની સવિસ્તર માહિતી હજૂ પણ ઉપલબ્ધ થયેલ નથી. તે સાત દિવસની અંદર આપવાનું આશ્વાસન પણ રેલ્વે મહાવ્યવસ્થાપકે શ્રી રામ નાઈકને આપેલ છે.

**(કાર્યાલય સચિવ)**